ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૫ ટકા

ગાંધીનગર તાપમાન

# સિવિલમાં મહિલા પર સફળ શસ્ત્રક્રિયા

ગાંધીનગર, તા.૧૨

પાટનગરની હોસ્પિટલમાં મેડીકલ કોલેજ બનતા દર્દીઓને મળતી માળખાકીય સારવાર અને સુવિધાઓમાં વધારો થવા પામ્યો છે. મેડીકલ કોલેજ બનતા જ ડોકટરોની સંખ્યામાં પણ વિશેષ વધારો નોંધાયો છે. જેથી દર્દીઓ માટે હોસ્પિટલ આશિર્વાદરુપ સાબિત થઈ રહી છે. ત્યારે આજે એક કલાકની સફળ શસ્ત્રક્રિયા કરીને ડોકટરે મહિલા દર્દીનો જીવ બચાવ્યો છે. જેથી આ મહિલા માટે ડોક્ટર ભગવાન સમાન સાબિત થયા છે. કાળા માથાનો માનવી જો ભગવાન સિવાય જમીન પર કોઈ વ્યકિતનો વિશ્વાસ કરતો હોય તો તે છે ડોકટર... ડોકટરમાં માનવી ભગવાનનું સ્વરુપ માને છે. ત્યારે આજે એક ૩૫ વર્ષિય પરિણિત મહિલાના પેટમાંથી સાડા છ કિલોની ગાંઠ બહાર નીકાળીને મહિલાને રોગમુકત કરતા તેને રાહતનો શ્વાસ લીધો છે. પ્રાપ્ત માહીતી મુજબ સેકટર-૨૮ છાપરા વિસ્તારમાં રહેતી એક ૩૫ વર્ષિય પરણીત મહિલાનું પેટ ફુલી રહ્યું હતું. યુવતિ પરણીત હોવાને પગલે તે ગર્ભવતી છે તેમ તે માનતી હતી. તે દરમિયાન આઠ મહિનાના અંતે તેણીને પટેમાં દુખાવો શરુ થતા તે સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવી હતી. ત્યાં ડોકટર્સ દ્વારા સીટીસ્કેન, સોનોગ્રાફી, સહિત જરુરી રીપોર્ટ કરાવ્યા હતા. ત્યારે ડોકટર્સને ખબર પડી હતી કે તેણીના પેટમાં ગર્ભ નહી પરંતુ આ મહિલા દર્દીના અંડાશમાં ટયુમર હોવાનુ સામે આવ્યું હતું. આ બનાવને ગંભીરતાથી લઈને તેણીની સારવાર કરતા ડો. રાકેશ પટેલે તાત્કાલીક ઓપરેશન કરવાનો નિર્ણય લીધો હતો. આજે હોસ્પિટલના ઓપરેશન થિયેટરમાં એક કલાકની ભારે જહેમત બાદ સફળ શસ્ત્રક્રિયા કરીને સાડા છ કિલોની ગાંઠ બહાર નીકાળી હતી. આ ઓપરેશનમાં એનેસ્થેસીયા તરીકે હેમલત્તાબેન તેમજ ઓટી આસિસટન્ટ તરીકે હીરલ કોઠારી અને કોમલ દાનાણી સહિત અન્ય સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. ગાંઠને વધુ પરિક્ષણ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવી છે. તબિબિ ભાષામાં મ્યુસીનશ સીસ્ટ એડોનોમી કહેવાતી આ ગાંઠ એટલે કે અંડાશયમાંથી ઉત્પન્ન થતી ગાંઠ ને સમયસર બહાર નીકાળવામાં આવી ન હોત તો તે પેટમાં જ ઝેરી થઈ જાત અને દર્દી માટે જોખમી બની જાત તેમ ગાયનેકોલોજીસ્ટ ડો. રાકેશ પટેલે જણાવ્યું હતું.

**એક કલાકની ભારે જહેમત બાદ સાડા છ કિલોની ગાંઠ નીકળી**



## @ગાંધીનગર

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તો શિવ મહિમ્ન પાઠ પ્રશાંતભાઈ જે. ઓઝા, ૩૨, વૃંદાવન બંગ્લોઝ, કુડાસણ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના તપનભાઈ ત્રિવેદી, બ્લોક નં. ૧૧૪/૫, છ ટાઈપ ખાતે યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે શિતળા સાતમ તથા રામકથા યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ શૈલેષકુમાર એમ. દવે, પ્લોટ નં. ૭૫/૨, કિસાનનગર ખાતે યોજાશે.

## બોરીજના વિદ્યાર્થીઓએ રોકેટ ટેકનોલોજીનું જ્ઞાન મેળવ્યું

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતના સપૂત અને ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈનો જન્મ તા. ૧૨મી ઓગસ્ટે થયો હતો. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દિવસની ઉજવણીના ભાગરૂપે સરકારી પ્રાથમિક શાળા, બોરીજ ખાતે મોડેલ રોકેટરી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. અનિલભાઈ કે. પટેલ મેનેજીંગ ટ્રસ્ટી, નિસર્ગ સાયન્સ સેન્ટર, કાશ્મીરાબેન વ્યાસ, આચાર્યા સરકારી પ્રાથમિક શાળા, બોરીજ તા. ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા.

નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડીનેટર હાર્દિક મકવાણા દ્વારા વિદ્યાર્થીઓને ડૉ. વિક્રમ સારાભાઈ દ્વારા કરવામાં આવેલી વિવિધ શોધો, તેમના જીવન વિશેની રસપ્રદ ઘટનાઓ અને અંતરિક્ષ વિજ્ઞાન ક્ષેત્રે ડૉ. વિક્રમ સારાભાઈ દ્વારા ભારતને આગળ પડતું સ્થાન અપાવવા માટે કરવામાં આવેલા પ્રયત્નો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત વિદ્યાર્થીઓને ઈસરો વિશે અને તેના પીએસએલવી, જીએસએલવી રોકેટ, વિવિધ ઉપગ્રહો વિશે પણ રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ માટે મોડેલ રોકેટરી વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં વિદ્યાર્થીઓને રોકેટના વિવિધ મોડલ બનાવતા શિખવાડાયા હતા. વર્કશોપના આયોજન માટે કો-ઓર્ડિનેટર શિવાંગ પટેલ અને વિવેક મકવાણાએ જહેમત ઉઠાવી હતી.



## પેથાપુર અને રૂપાલમાં દરોડો પાડી પોલિસે ૧૨ શકુનીઓ પકડયા

ગાંધીનગર, તા.૧૨

પેથાપુર પોલિસે ટીમો દોડતી કરીને શ્રાવણીયો જુગાર રમતા શકુનીઓને પકડવા તજવીજ તેજ કરી છે ત્યારે આજે પેથાપુર અને રૂપાલ બે સ્થળોએ દરોડા પાડી ૧૨ શકુનીઓને દબોચી લેવામાં આવ્યા હતા.

પેથાપુર પીએસઆઈ વી.બી. દેસાઈએ તેમની ટીમ સાથે પેથાપુર-મહુડી હાઈવે પર આવેલી ગંગોત્રી હોટલની પાછળ ખુલ્લેઆમ રમાઈ રહેલા જુગારના અડ્ડા પર દરોડો પાડી પાંચ શકુનીઓને પકડી પાડયા હતા. જેમાં પેથાપુર ફતેપુરાના ભીખાજી જવાનજી ઠાકોર, રાજુ શનાજી ઠાકોર, નવા પીંપળજના જીતુ કનુ, અમાજી મારસંગજી ઠાકોર અને આનંદ ચંદુ ઠાકોરને રોકડ રૂ. ૧૦,૭૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાંચેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે. પકડાયેલા આ પાંચ શકુનીઓમાં ભીખાજી ઠાકોર પેથાપુર નગરપાલિકાના કોર્પોરેટર હોવાનું જાણવા મળ્યું છે. તો બીજી તરફ રૂપાલના મોટા માઢમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે દરોડો પાડી ખુલ્લેઆમ જુગાર રમતા સાત શકુનીઓને પકડી પાડયા હતા. રૂપાલ મોટા માઢના રાકેશ અમરત પટેલ, સંજય જગદીશ પટેલ, કનુ બળદેવ પટેલ, આશીષ ભરત પટેલ, સતીષ ડાહ્યા પટેલ, દર્શન દિનેશ પટેલ અને અજય ગોવિંદ પટેલ મળીને સાતેયને રોકડ રૂ. ૨૩,૧૧૦ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યા હતા. બંને દરોડામાં પેથાપુર પોલિસે કુલ રૂ. ૩૩,૮૧૦ના રોકડ મુદ્દામાલ સાથે ૧૨ શકુનીઓની ધરપકડ કરી કડક કાર્યવાહી હાથ ધરી છે.

## સે-૮ ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિરનો ૧૮મીએ પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર શહેરના સેકટર-૮ ગાર્ડનની બાજુમાં સ્થિત ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર ખાતે આગામી તા.૧૮ ઓગસ્ટને શુક્રવારના રોજ પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ પણ યોજાશે.

પવિત્ર શ્રાવણમાસમાં મંદિરનો પાટોત્સવ નિમિતે માતા પાર્વતી અને ભોળાનાથને રીઝવવા વિવિધ ધાર્મિક આયોજન કરવામાં આવેલ છે. જેમાં સવારે ૯.૩૦ કલાકે યજ્ઞ પ્રારંભ, બપોરે ૧૨.૩૦ કલાકે ભોજન પ્રસાદ (ફળાહાર), પ્રધાન હોમ શિવ મહાઅભિષેક બપોરે ૧.૩૦ થી ૩.૩૦ કલાક સુધી, ફુલોના શણગાર બપોરે ૩.૪૫ કલાકે, યજ્ઞની પૂર્ણાહુતી સાંજે ૫ કલાકે, મહાઆરતી સાંજે ૫.૧૫ કલાકે, છપ્પનભોગના થાળ મહાદેવજીને સાંજે ૫.૩૦ કલાકે, શિવ સ્તુતી વંદના અને શિવ મહિમ્ન સ્તોત્ર સાંજે ૫.૩૫ કલાકે, શિવ તાંડવ અને ભજનો વગેરે સાંજે ૬ કલાકે, છપ્પનભોગ થાળ વિતરણ સાંજે ૬.૩૦ કલાકે, ચાર પ્રહરની પૂજા-આરાધના-અભિષેક રાત્રે ૯ કલાકે યોજાશે. આ ધાર્મિક પ્રસંગે યજ્ઞ દર્શનનો લાભ લેવા સૌ ધર્મપ્રેમી જનતાને રાવજીભાઈ પટેલ પ્રમુખ સે-૮ ત્રયંબકેશ્વર મહાદેવ મંદિર દ્વારા અનુરોધ કરાયો છે.

## વાતવાતમાં

● કલેકટર કચેરી ખાતે વડાપ્રધાન પ્રેરિત 'ન્યુ ઈન્ડિયા' સંકલ્પને ચરિતાર્થ કરવાના આયોજનના હેતુસર શહેરના સ્વૈચ્છિક સંગઠનોને બોલાવી તેમના સૂચનો માંગવામાં આવ્યા હતા. આ બેઠકમાં જિલ્લા કલેકટર સતીષ પટેલે હાલમાં પ્રવર્તી રહેલ 'સ્વાઈન ફલુ'ના વાવરની પરિસ્થિતિમાં ઉકાળા વિતરણથી માંડીને દરેક દવાની દુકાનેથી 'ટેમી ફલુ' વિના મૂલ્યે મળી શકે તેનું તંત્ર આયોજન ગોઠવી રહ્યું હોવાનું જણાવ્યું હતું.

● તાજેતરમાં સોશ્યલ મિડીયા પર 'મોબાઈલ ફોન', 'ઈ મેઈલ' તથા 'વેબ સાઈટ'ને હિન્દીમાં શું કહેવાય તે દર્શાવતો એક મેસેજ વાઈરલ થવા પામ્યો છે. આ મેસેજમાં ગાંધીનગરની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.કે.એસ. લિખિયાના વિઝિટીંગ કાર્ડની તસવીર દર્શાવાઈ રહી છે. જેમાં મોબાઈલ ફોન માટે 'ભ્રમણભાષા', ઈમેઈલ માટે 'અણુડાક' અને વેબસાઈટ માટે તેમણે 'અન્તરતાના' શબ્દનો પ્રયોગ કરેલો છે.

## યંગ સોશ્યલ સાયન્ટીસ્ટ એવોર્ડ-૨૦૧૭ માટે મયુર પટેલની પસંદગી

ભારતીય સમાજ વિજ્ઞાન પરિષદ (Indian Social Scientist Association (ISSA)) દેલ્હી દ્વારા Young Social Scientist Award-2017 માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માટે દેશભરમાંથી સંશોધન પત્રો મંગાવવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં ગુજરાતના યુવા સંશોધક, શ્રી મયુર ભાઈ પટેલ કે જે Central University of Gujarat માં આંતરરાષ્ટ્રીય રાજનીતિ (International Politics) વિષય પર પી.એચ.ડી. કરી રહ્યા છે એમની આ રાષ્ટ્રીય અવાર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. મયુરભાઈ પટેલની પસંદગી તેમના સંશોધન પત્ર, Post-conflict Reconstruction in Sri Lanka: and India's Role as an Immediate Neighbro માટે કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ વર્ષ ૨૦૧૪ માં B. H. Mukherjee Young Social Scientist Memroial Award ગુજરાતના અને હાલ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીમાં કાર્યરત ડૉ. ઋષિરાજ ઉપાધ્યાયને મળેલ. શ્રી મયુરભાઈ પટેલને રાષ્ટ્રીય અવાર્ડ મળવા બદલ તેમજ ગુજરાતનું નામ રોશન કરવા બદલ ખુબ ખુબ અભીનંદન તેમજ શુભેચ્છા. મયુરભાઈ પટેલ ગુજરાતના એકમાત્ર વ્યકિત છે જેમની આ રાષ્ટ્રીય અવાર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.



## ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે જન્માષ્ટમીની ઉજવણી



શ્રી જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાના નાના ભૂલકાઓએ મોટી માત્રામાં કૃષ્ણ અને રાધાનો પહેરવેશ ધારણ કર્યો હતો તથા મટકી ફોડનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. 'નંદ ઘેર આનંદ ભયો'ના નાદથી શાળાનું પ્રાંગણ ગાજી ઉઠયું હતું.

## આઈ લવ માય ગાંધીનગર



**મંથન ભટ્ટ**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર મારી કર્મભૂમિ છે એટલા માટે અને શાંત, પ્રદૂષણથી મુક્ત તથા હરિયાળું નગર છે એટલા માટે પણ ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સંસ્કારી, સ્નેહી, સારા, સરળ, સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગાંધીનગર કલ્ચરલ ફોરમ, આર્ષ-અક્ષરધામ, કડી સર્વ વિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ જેવી સંસ્થા દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા, નગર પ્રત્યે જાગૃતિ અને સંવેદનશીલતા નગરને બહેતર બનાવી શકે તેમ છે.

**નગર માટે હું કરી શકું**

યુવા વિકાસ અને રોજગારના કાર્યક્રમો માટે મારી સઘળી સહાય શહેરને પૂરી પાડવા માટે હું સદાય તત્પર છું.

## સે-૩-ડી ખાતે જન્માષ્ટમી મહોત્સવ ઉજવાશે

પવિત્ર શ્રાવણ માસમાં ઉત્સવોની વણથંભી વણઝાર લાગે છે. તાજેતરમાં રક્ષાબંધનનો તહેવાર હર્ષોલ્લાસથી ઉજવાયા પછી હવે ગાંધીનગરમાં જન્માષ્ટમીના તહેવારની ઉજવણીના આયોજનની તૈયારીઓ તડામાર ચાલી રહી છે. સેકટર-૩-ડી ખાતે યુવક મિત્ર મંડળ દ્વારા જન્માષ્ટમી મહોત્સવ-૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે.

સેકટર-૩-ડી યુવક મિત્ર મંડળ દ્વારા તા.૧૫મી ઓગસ્ટ મંગળવારે રાત્રે ૮ કલાકે સેકટરના નવરાત્રી ચોક ખાતે જન્માષ્ટમી મહોત્સવ ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં ૮ કલાકે રાસ ગરબા યોજાશે. ૧૧.૩૦ કલાકે મહા આરતી થશે. ત્યારબાદ રાત્રે ૧૨ કલાકે કૃષ્ણ જન્મોત્સવ સાથે દહીં હાંડીનો કાર્યક્રમ યોજાશે. જન્માષ્ટમી મહોત્સવ ૨૦૧૭માં જોડાવા સેકટરવાસીઓને સે-૩ડી યુવક મિત્ર મંડળ દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. આ સાથે યુવક મંડળ દ્વારા આગામી તા. ૨૫મી ઓગસ્ટથી તા. ૩૧મી ઓગસ્ટ સુધી ગણેશ મહોત્સવ ૨૦૧૭નું આયોજન હાથ ધરાયું છે. જેમાં દરરોજ રાત્રે ૯ થી ૧૧.૩૦ કલાક દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાશે.

## સે-૧૨ સામાજિક સ્વાસ્થ્ય સંઘ ખાતે કાનુની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સંયુકત ઉપક્રમે બે ભાગમાં વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી હતી. પ્રથમ સેશનમાં જિલ્લા શાખા ખાતે મહિલા કલ્યાણ દિવસની ઉજવણી અંતર્ગત મુખ્ય મહેમાન પદે જિલ્લા કલેકટર સતીષભાઈ પટેલના હસ્તે ૧૪ બહેનોને વિલેજ કો ઓર્ડીનેટર તરીકે નિમણુંક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા તેમજ ૧૦ વિધવા મહિલાઓને સિલાઈ મશીન આપવામાં આવ્યા હતા.

વિશિષ્ટ ઉજવણીના બીજા સેશનમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ ગાંધીનગરના ઉપક્રમે ખાસ મહિલા સશકિતકરણ અંતર્ગત કાનૂની



શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન પદે ડી.એલ.એસ.એ. ગાંધીનગરના સેક્રેટરી અને સિવિલ જજ સિનિયર ડિવિઝન મા. એમ.જી. ધાસુરા ઉપસ્થિત રહ્યા હતા.

શિબિરના મુખ્ય વકતા પેરાલિગલ વોલન્ટીયર વિમલાબેન અયાચી, સુધીર દેસાઈ, સીતારામભાઈ પટેલ જયરામભાઈ સોની, જ્ઞાનદેવી ઉપાયાય, જીગીશાબેન ઉપાધ્યાય વગેરેએ મહિલાના અધિકારો, મહિલા સશકિતકરણ વિશે માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં સંસ્થાના-જિલ્લા શાખાના સેવાભાવી પ્રમુખ શર્મિષ્ઠાબેન દવેએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. કમિટિ સભ્ય હંસાબેન જોષી, પલ્લવીબેન ગુપ્તે, દક્ષાબહેન, રેકટર બહેનશ્રી, જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી નિલેશ્વરીબા ગોહિલ, બાળવિકાસના કામિનીબેન વગેરે મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ રહેવા પામી હતી.

## ગાંધીનગર જિલ્લા દશનામ ગોસ્વામી સમાજની સાધારણ સભા મળશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લા દશનામ ગોસ્વામી મંડળના આજીવન સભ્યોની સામાન્ય સભા રવિવાર તા.૨૩ જુલાઈના રોજ રાખવામાં આવેલ હતી. પરંતુ અતિવૃષ્ટિને કારણે મોકુફ રાખવામાં આવેલ હતી. જે હવે રવિવાર તા. ૨૦ ઓગસ્ટને રવિવારના રોજ સવારે ૯ કલાકે વિસનગર રોડ, બાપાની મઢુલી સામે, સાંઈ બાબા મંદિર હોલ, મુ. ગોઝારીયા ખાતે જિલ્લા મંડળના નવિન હોદેદારોની વરણી અને મંડળ દ્વારા નક્કી કરવામાં આવે તે કામઅર્થેમળનાર છે.ગાંધીનગર જિલ્લા દશનામ ગોસ્વામી મંડળના આજીવન સભ્યોએ સામાન્ય સભામાં અચુક હાજર રહેવા સંસ્થાના પ્રમુખ ચંદુભારતી ગોસ્વામી દ્વારા અનુરોધ કરાયો છે.

## ગાંધીનગર સ્થિત વૈદિક પરિવાર, રોટરી કલબ ઓફ કેપિટલ અને શુકન સ્કાય પરિવાર દ્વારા પુર પીડીતોને રાહત સહાય

ગાંધીનગર, તા.૧૨

વૈદિક પરિવાર, રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર તથા ગાંધીનગરનાં કુડાસણ વિસ્તારમાં આવેલ શુકન સ્કાય પરિવારનાં સંયુક્ત ઉપક્રમે બનાસકાંઠાના પૂર પીડિતો માટે રાહત કાર્યો કરવામાં આવ્યા હતા.

પ્રથમ દિવસે શુકન સ્કાય પરિવારનાં યુવાનો દ્વારા સોસાયટીમાં ૪૦૦ થી વધારે ફ્લેટ્સમાં રહેતા પરિવારો પાસેથી ફુડ પેકેટ્સ એકત્રિત કરવામાં આવ્યા હતા. લગભગ ૨૫૦૦ કરતાં પણ વધારે ફુડ પેકેટ્સની સાથે કપડાનો પણ મોટો જથ્થો એકત્રિત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વાનપ્રસ્થી શ્રી મહેન્દ્રભાઈ ગાંધીની સાથે શુકન સ્કાયનાં યુવાનોએ જાતે જઈને પૂર પીડિતોની સહાયતા કરી. બીજા તબક્કામાં રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પ્રમુખ શ્રી બી.



કે. ચાવડા અને વૈદિક પરિવારનાં ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાના નેતૃત્વમાં ઉમીયા ટ્યુબ્સ એન્ડ પાઈપ્સનાં ડાયરેકટરોની ટીમે સાથે મળીને ૨૫૦ થી વધારે અનાજ અને વાસણની કીટ, સુકો નાસ્તો, બટાટા અને ડુંગળી વગેરેનું વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત બાળકોથી લઈને વૃદ્ધ નર-નારી માટે ૫ હજારથી પણ વધારે કપડા-સાડીઓ, ચાદરો, ઓઢવાનાં ચોરસા વગેરે આપવામાં આવ્યું.

ત્યારબાદ ત્રીજા દિવસે મહિલાઓ માટે સાડીઓ આપવામાં આવી. સાથે સાથે દવાઓ સાથે વૈદિક પરિવારનાં ડૉ. ચંદુભાઈ અંબવાણીએ લગભગ ૭૦૦ જેટલા રોગીઓની ચિકિત્સા કરી તેમને દવાઓ આપી.

આ સેવાકીય કાર્યમાં શુકન સ્કાયનાં યુવાનો શ્રી મહર્ષિ દવે, શ્રી રવિ મોદી, શ્રી હેમલ પટેલ, શ્રી જૈનમ શાહ, શ્રી ધ્રુવ ઝાલાવાડીયા અને શ્રી અંકીત ઉપરાંત રોટરી કલબનાં પૂર્વ પ્રમુખ શ્રી મનોજભાઈ સરૈયાએ પણ સેવાઓ પ્રદાન કરી હતી.

## સે-૨૪માંથી ઘર આંગણે પાર્ક કરેલી સી.એન.જી. રીક્ષા ગાયબ

**રાત્રી દરમિયાન ચોરો આખે આખી રીક્ષા ચોરી ગયા ને નાઈટ પેટ્રોલીંગ કરતી પોલિસને ખબર પણ ન પડી..!**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ખાતે શ્રીનગર સોસાયટીમાં એક રીક્ષા ડ્રાઈવરે પોતાની રીક્ષા ઘર આંગણે પાર્ક કરી હતી. રાત્રી દરમિયાન ત્રાટકેલા ચોરો આખે આખી રીક્ષા ચોરીને નીકળી ગયા ને નાઈટ પેટ્રોલીંગ કરતી પોલીસને ખબર પણ ન પડી..! રૂ. ૬૦ હજારની રીક્ષાની ચોરી મામલે ફરિયાદ લઈ સે-૨૧ પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૨૪ શ્રીનગર સોસાયટીમાં પ્લોટ નં. ૮૯/૩૯૫ ખાતે રહેતા રીક્ષા ડ્રાઈવર છગનલાલ ખુમારામ દાદલીયાએ ગઈ રાત્રે પોતાની સીએનજી રીક્ષા નં. જીજે ૧૮ એ.વી. ૦૯૬૧ પોતાના ઘરઆંગણે પાર્ક કરી હતી. સવારે ઉઠીને ઘર આંગણે નજર નાંખી તો આખે આખી સીએનજી રીક્ષા જ ગાયબ હતી. રાત્રે ૧૨થી સવારના ૮ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન કોઈ વાહનચોરોએ તેમની રીક્ષાને નિશાન બનાવી લીધી હતી. રૂ. ૬૦ હજારની કિંમતની રીક્ષાની ઉઠાંતરી કરી ચોરો રાત્રે અંધારામાં ગાયબ થઈ ગયા હતા. નાઈટ પટ્રોલીંગમાં નિંદ્રાધીન પોલિસને ખ્યાલ સુદ્ધાં ન આવ્યો...! છગનલાલની ફરિયાદને આધારે સે-૨૧ પોલિસે ગુનો દાખલ કરી પીએસઆઈ બી.જી. યાદવે વધુ તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. નારણભાઈ વર્ગીદાસ પટેલ, ઉ.વ. ૯૦
- સ્વ. મીલન ચક્રવર્તી, ઉ.વ. ૬૦
- સ્વ. લીલાબેન લક્ષ્મણભાઈ ચૌધરી, ઉ.વ. ૮૨
- સ્વ. શકુબેન પુંજાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. દિનેશભાઈ લક્ષ્મણભાઈ નાયકા, ઉ.વ. ૪૦
- સ્વ. મોનીકા વિકાસભાઈ ભુરૂમ, ઉ.વ. ૩૧